# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-02-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હીના મોદી વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ દરમિયાન વિશ્વના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી.
2. ભારત અને UK એ AI અને ભાવિ દૂરસંચાર ટેકનોલોજીમાં સહયોગને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.
3. ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈએ વર્ષ 2026-27 માટે 4 લાખ 8 હજાર કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કર્યું
4. જાપાનના પ્રધાનમંત્રી સના તાકાચીને આજે સંસદ દ્વારા તેમના બીજા મંત્રીમંડળની રચના માટે ફરીથી નિયુક્ત કરાયા
5. ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે મુકાબલો

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## REV. EVE. PM - BILATERALS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ દરમિયાન વિશ્વના નેતાઓ સાથે શ્રેણીબદ્ધ દ્વિપક્ષીય બેઠકો યોજી. પ્રધાનમંત્રીએ આજે સવારે હૈદરાબાદ હાઉસ ખાતે સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાંચેઝ સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ ભારત-સ્પેન ભાગીદારીને વધુ ગાઢ બનાવવાના હેતુથી વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

સમિટ દરમિયાન શ્રી મોદીએ તેમના કઝાક સમકક્ષ ઓલ્ઝાસ બેક્ટેનોવ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી. શ્રી મોદીની તેમના ભૂટાન સમકક્ષ શેરિંગ ટોબગે સાથેની ચર્ચા દરમિયાન, બંને નેતાઓએ ઊર્જા, કનેક્ટિવિટી, વિકાસ ભાગીદારી અને લોકો-થી-લોકોના જોડાણમાં દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિની સમીક્ષા કરી. બંને નેતાઓએ વિશ્વાસ, સદ્ભાવના અને પરસ્પર આદરમાં બંધાયેલી ભારત-ભૂતાન ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે નજીકથી કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

. . . . . . . . . . . . . . . . . .

## INDIA-UK BILATERAL MEET

ભારત અને યુનાઇટેડ કિંગડમે કૃત્રિમ બુદ્ધિમત્તા-AI અને ભાવિ દૂરસંચાર ટેકનોલોજીમાં સહયોગને મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

નવી દિલ્હીમાં AI સમિટ દરમિયાન, સંચાર રાજ્યમંત્રી ડૉ. પેમ્માસાની ચંદ્ર શેખરે ડાક ભવનમાં યુકેના સંસદીય અંડર-સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર AI અને ઓનલાઈન સેફ્ટી કનિષ્ક નારાયણ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. ચર્ચાઓમાં ભારત-યુકે 2030 રોડમેપ અને યુકે-ભારત ટેકનોલોજી સુરક્ષા પહેલ હેઠળની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## INDIA AI IMPACT SUMMIT- DAY 3 (VC)

ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટના ત્રીજા દિવસની શરૂઆત રિસર્ચ સંગોષ્ઠીના ઉદઘાટન સમારોહ સાથે થઈ હતી જેમાં ઇલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ભાર મૂક્યો હતો કે ભારત વાસ્તવિક દુનિયાની સમસ્યાઓના ઉકેલ માટે એઆઈ પર ભાર મૂકે છે. સાંભળીએ એક અહેવાલ..

(VOICECAST – AMAN)

. . . . . . . . . . . . . . . . . .

## FINLAND PM-AI SUMMIT

ફિનલેન્ડના પ્રધાનમંત્રી પેટેરી ઓર્પોએ જણાવ્યું, ફિનલેન્ડ અને ભારત, વૈશ્વિક ભાગીદારો સાથે મળીને, સ્થિતિસ્થાપક, ટકાઉ અને માનવ-કેન્દ્રિત તકનીકી પ્રગતિનું નેતૃત્વ કરી શકે છે. નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ 2026 ખાતે બિલ્ડીંગ સોવરેન ડીપ ટેક ફોર અ રેઝિલિયન્ટ ફ્યુચર પર એક સત્રને સંબોધતા, શ્રી ઓર્પોએ જણાવ્યું હતું કે નવીન જાહેર-ખાનગી ભાગીદારી સાથે, એઆઈ ટકાઉ વિકાસને વેગ આપી શકે છે.

. . . . . . . . . . . . . . . . . .

## VAISHNAW-AI SUMMIT

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ઉત્પાદન ઈજનેરી ટેકનોલોજી માટે ભારતની AI પ્રાથમિકતાઓની રૂપરેખા આપી. નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ 2026 દરમિયાન ઉદ્યોગના નેતાઓ, વૈશ્વિક શિક્ષણવિદો, નીતિ નિર્માતાઓ અને ટેકનોલોજી નિષ્ણાતોના વ્યૂહાત્મક સંમેલનની અધ્યક્ષતા કરતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ભારતની યાત્રામાં AI પાયાનો આધારસ્તંભ છે.

. . . . . . . . . . . . . . . . . .

## STEEL-AI SUMMIT

સ્ટીલ મંત્રાલયના સચિવ સંદીપ પોંડ્રિકે આજે જણાવ્યું હતું કે ભારતના સ્ટીલ વપરાશમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે, જે 2014-15 માં 77 મેટ્રિક ટનથી વધીને 2024-25 માં 152 મેટ્રિક ટન થયો છે. તેમણે નવી દિલ્હીમાં ચાલી રહેલા ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026 માં સ્ટીલ મંત્રાલય પેવેલિયન ખાતે એક સત્રને સંબોધિત કરતી વખતે આ વાત કહી હતી. શ્રી પોંડ્રિકે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતની ક્રૂડ સ્ટીલ ક્ષમતા 2030-31 સુધીમાં 300 મેટ્રિક ટન અને 2035-36 સુધીમાં 400 મેટ્રિક ટન સુધી પહોંચવાની અપેક્ષા છે. આ સત્રમાં અગ્રણી સ્ટીલ ઉત્પાદકો અને આયર્ન ઓર ખાણિયાઓને AI નવીનતાઓને તેમના ભવિષ્યલક્ષી રોડમેપ રજૂ કરવા માટે એકસાથે લાવવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## PRADHAN- AI MEET

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હીમાં ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026 ખાતે ફ્રાન્સના AI માટેના ખાસ દૂત સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી પ્રધાને જણાવ્યું હતું કે બંને પક્ષોએ AIમાં ભારત-ફ્રેન્ચ જોડાણોને વધુ ગાઢ બનાવવા પર ચર્ચા કરી હતી. શ્રી પ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે ચર્ચાઓ સંશોધન, નવીનતા, વિજ્ઞાન અને ઉભરતી ટેકનોલોજીમાં વધુ સહયોગ પર પણ કેન્દ્રિત હતી.

. . . . . . . . . . . . . . . . . .

## MANOHAR LAL - AI SUMMIT

કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે આજે નવી દિલ્હીમાં AI ઇમ્પેક્ટ સમિટ 2026 ખાતે પાવર મંત્રાલય પેવેલિયનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે AI ઇમ્પેક્ટ સમિટમાં દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા આયોજિત પ્રદર્શનની પણ મુલાકાત લીધી. ઉર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે આ પેવેલિયન ભવિષ્ય માટે તૈયાર, કાર્યક્ષમ અને સ્થિતિસ્થાપક ઉર્જા ક્ષેત્રના નિર્માણ માટે કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. તે 'મેગાવોટથી મેગાબાઇટ્સ સુધી: ભારતની પાવર ઇકોસિસ્ટમનું પરિવર્તન' થીમ હેઠળ ઉર્જા ક્ષેત્રનું ભવિષ્યલક્ષી વિઝન રજૂ કરે છે.

. . . . . . . . . . . . . . . . . .

## MEITY-AI EXPO

સરકારે ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ એક્સ્પોને આ મહિનાની 21 તારીખ સુધી એક દિવસ લંબાવ્યો છે.

નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયના સચિવ એસ. કૃષ્ણને જણાવ્યું, પ્રદર્શકો, નવીનતાઓ અને મુલાકાતીઓ તરફથી મળેલા વ્યાપક પ્રતિસાદને કારણે આ પગલું લેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આ મહિનાની 20 અને 21 તારીખે, એક્સ્પો રાત્રે 8 વાગ્યા સુધી ખુલ્લો રહેશે. સચિવે ઉમેર્યું કે આવતીકાલે, એક્સ્પો સામાન્ય લોકો માટે બંધ રહેશે અને ફક્ત આમંત્રિત મહેમાનો માટે જ ખુલ્લો રહેશે.

. . . . . . . . . . . . . . . . . .

## WB-AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે કહ્યું, ત્યાગનો અર્થ બધું પાછળ છોડી દેવાનો નથી, પરંતુ શ્રી કૃષ્ણના નામનો જાપ કરીને જીવનને અર્થપૂર્ણ બનાવવું છે. તેમણે શ્રીલ ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુરની 152મી જન્મજયંતિ નિમિત્તે પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં માયાપુર ખાતે ઇસ્કોન મંદિરની મુલાકાત લીધી હતી.

તેમણે કહ્યું કે માયાપુર જતા પહેલા, તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા અને શ્રી ચૈતન્યના અનુયાયીઓને પ્રધાનમંત્રીની શુભેચ્છાઓ પાઠવી. તેમણે ઉમેર્યું કે શ્રીલ ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુરે શ્રી ચૈતન્યનો સંદેશ આગળ વધાર્યો.

. . . . . . . . . . . . . . . . . .

## GUJ-BUDGET

ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈએ આજે વર્ષ 2026-27 માટે 4 લાખ 8  હજાર કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કર્યું, જેમાં અંદાજિત 974 કરોડ રૂપિયાનું પુરાંત રહેશે. 'વિકસિત ગુજરાત@2047' ના વિઝન હેઠળ રચાયેલ, અંદાજપત્રના મુખ્ય મુદ્દાઓમાં શિષ્યવૃત્તિ મર્યાદામાં વધારો સાથે વિદ્યાર્થી કલ્યાણમાં મોટો ઉછાળો, 50 હજાર કરોડ રૂપિયાના વિકાસ ભંડોળની રચના અને 2030 કોમનવેલ્થ ગેમ્સ અને પ્રવાસન પ્રોત્સાહન માટે અમદાવાદને તૈયાર કરવાની દૂરંદેશી યોજનાનો સમાવેશ થાય છે.

મંત્રીએ જણાવ્યું હતું કે અંદાજપત્રનો કુલ ખર્ચ ગત નાણાકીય વર્ષ કરતાં 10.2 ટકા વધ્યો છે. નાણામંત્રીએ કર દર યથાવત રાખ્યા છે અને ઇલેક્ટ્રિક વાહનો માટે 5 ટકા કર છૂટ ચાલુ રાખી છે.

. . . . . . . . . . . . . . . . . .

## TAKAICHI-JAPAN

ગયા અઠવાડિયે થયેલી ચૂંટણીમાં ભારે જીત બાદ, જાપાનના પ્રધાનમંત્રી  સના તાકાચીને આજે સંસદ દ્વારા તેમના બીજા મંત્રીમંડળની રચના માટે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા હતા. અગાઉના તમામ મંત્રીઓને જાળવી રાખવામાં આવે તેવી અપેક્ષા છે. 465 સભ્યોના નીચલા ગૃહમાં બે તૃતીયાંશ બહુમતી સાથે, તાકાચીની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી હવે દેશના કલ્યાણ માટે મુખ્ય કાયદાઓને આગળ ધપાવવા માટે મજબૂત સ્થિતિમાં છે. તાકાચીએ ડિસેમ્બર સુધીમાં જાપાનની લશ્કરી ક્ષમતાઓને મજબૂત બનાવવા, સંરક્ષણ ખર્ચ વધારવા અને સુરક્ષા નીતિઓની સમીક્ષા કરવાની યોજનાઓની રૂપરેખા આપી છે.

. . . . . . . . . . . . . . . . . .

## EVE ICC T20 CRICKET

ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે ગ્રુપ A ના મુકાબલામાં, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતે 10 ઓવરમાં 3 વિકેટે 74 રન બનાવ્યા છે.

અગાઉ આજે દક્ષિણ આફ્રિકાએ યુએઈને છ વિકેટથી હરાવ્યું. જ્યારે નામિબિયા સામે પાકિસ્તાનનો 102 રનથી વિજય થયો છે.

. . . . . . . . . . . . . . . . . .